# કામકાજનો ટૂંકો અહેવાલ

## બારમી ગુજરાત વિધાનસભા

### પ્રથમ સત્ર

**(તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮) અને**
**(૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૮ થી ૨૬મી માર્ચ, ૨૦૦૮)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**
**ગાંધીનગર.**

**૨૦૦૮**

# પ્ર સ્તા વ ના

આ પ્રકાશનમાં બારમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્ર (તા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ અને ૨૫ મી ફેબ્રુઆરી ૨૦૦૮ થી ૨૬મી માર્ચ, ૨૦૦૮)દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,<br>
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,<br>
સેકટર નં. ૧૦,<br>
ગાંધીનગર – ૩૮૨૦૧૦.<br>
તારીખ :૩–૬–૨૦૦૮

**ડી. એમ. પટેલ,**<br>
**સચિવ**<br>
**ગુજરાત વિધાનસભા**

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમાંક<br>૧ | વિષય<br>૨. | પાના નંબર<br>૩. |
|---|---|---|
| **૧.** | બારમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્ર (તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ અને ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૦૮ થી ૨૬મી માર્ચ,૨૦૦૮) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | |
| **૨.** | પત્રક ક્રમાંક : ૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| **૩.** | પત્રક ક્રમાંક : ૨ સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| **૪.** | પત્રક ક્રમાંક : ૩ સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| **૫.** | પત્રક ક્રમાંક : ૪ સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| **૬.** | પત્રક ક્રમાંક : ૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) | |
| **૭.** | પત્રક ક્રમાંક : ૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૮.** | પત્રક ક્રમાંક : ૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૯.** | પત્રક ક્રમાંક : ૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૧૦.** | પત્રક ક્રમાંક : ૯ જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| **૧૧.** | પત્રક ક્રમાંક : ૧૦ દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| **૧૨.** | પત્રક ક્રમાંક : ૧૧ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| **૧૩.** | પત્રક ક્રમાંક : ૧૨ રાષ્ટ્રપતિશ્રી/ રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| **૧૪.** | પત્રક ક્રમાંક : ૧૩ સન ૨૦૦૮–૦૯ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| **૧૫.** | પત્રક ક્રમાંક : ૧૪ સન ૨૦૦૭–૦૮ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| **૧૬.** | પત્રક ક્રમાંક : ૧૫ ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| **૧૭.** | પત્રક ક્રમાંક : ૧૬ ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| **૧૮.** | પત્રક ક્રમાંક : ૧૭ જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪) | |
| **૧૯.** | પત્રક ક્રમાંક : ૧૮ દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો | |
| **૨૦.** | પત્રક ક્રમાંક : ૧૯ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં(નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| **૨૧.** | પત્રક ક્રમાંક : ૨૦ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન–સરકારી વિધેયકો | |
| **૨૨.** | પત્રક ક્રમાંક : ૨૧ બિન સરકારી સંકલ્પો ( નિયમ – ૧૧૭ ) | |
| **૨૩.** | પત્રક ક્રમાંક : ૨૨ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| **૨૪** | પત્રક ક્રમાંક : ૨૩ ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| **૨૫** | પત્રક ક્રમાંક : ૨૪ રોજેરોજના કામકાજનો સારાંશ | |
| **૨૬** | પત્રક ક્રમાંક : ૨૫ સત્રમાં સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| **૨૭** | પત્રક ક્રમાંક : ૨૬ શોકદર્શક ઉલ્લેખ. | |

# બારમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રા રં ભિ ક :**

બારમી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર શુક્રવાર, તા.૧૮–૧–૨૦૦૮ના રોજ શરૂ થયું હતું અને બુધવાર, તા.૨૬–૩–૨૦૦૮ના રોજ પુરૂં થયું હતું.તા.૧૯–૧–૨૦૦૮થી તા.૨૪–૨–૨૦૦૮ સુધી સભામોકૂફ રહી હતી. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૧ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૨૭ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૧૧ કલાક અને ૪૧ મિનિટ કામ કર્યું હતું. જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૪ કલાક અને ૮ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન–સરકારી વિધેયકો, નાણાકીય અને અન્ય કામકાજમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક –૧**માં આપવામાં આવી છે.

**૨. સભાગૃહની બેઠકોની તારીખો અને સમય :–**

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંક –૨** માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ**

સત્ર દરમિયાન ૨૭ બેઠકોમાં વધારેમાં વધારે હાજરી ૧૫૦ અને ઓછામાં ઓછી હાજરી ૧૨૬ હતી અને સરેરાશ હાજરી ૧૪૧ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી પત્ર **ક્રમાંક :૩**માં અને સભ્યશ્રીઓની તારીખવાર હાજરી અંગેની માહિતી પત્રક **ક્રમાંકઃ ૪**માં આપવામાં આવી છે.

**૪. સોગંદ અથવા પ્રતિજ્ઞા વિધિ**

વિધાનસભાના સભ્યોએ ગૃહમાં પોતાની બેઠક લેતાં પહેલાં જે વ્યકિત સમક્ષ સોગંદ અથવા પ્રતિજ્ઞા લેવાના હોય તેવી વ્યકિત તરીકે તેમજ વિધાનસભાના અધ્યક્ષ પદનું પદ ખાલી રહે ત્યાં સુધી અધ્યક્ષની ફરજો બજાવવા માટે વિધાનસભાના સભ્ય શ્રી દોલતરાય દેસાઈ ની **રાજયપાલશ્રીએ તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ નિમણૂક કરી હતી.** શ્રી દોલતરાય દેસાઈએ તા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ રાજયપાલશ્રી સમક્ષ વિધાનસભાના સભ્ય તરીકે સોગંદ લીધા હતા અને તે જ દિવસે એટલે કે તારીખ ૧૭મી જાન્યુઆરી,૨૦૦૮ના રોજ કુલ ૧૮૨ સભ્યો પૈકી ૧૭૮ સભ્યશ્રીઓએ અને તા.૧૮મી જાન્યુઆરીએ એક એમ કુલ ૧૭૯ સભ્યશ્રીઓએ તેઓની સમક્ષ સભાગૃહમાં સોગંદ અથવા પ્રતિજ્ઞા લીધી હતી.

**૫. અધ્યક્ષની ચૂંટણી**

વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી માટે રાજયપાલશ્રીએ તા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮નો દિવસ નકકી કર્યો હતો. વિ.સ.સ.શ્રી અશોકભાઈ ભટ્ટને ગુજરાત વિધાનસભા ના અધ્યક્ષ તરીકે પસંદ કરવા માટેનો પ્રસ્તાવ સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે સભાગૃહમાં રજૂ કર્યો હતો. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તે પ્રસ્તાવને ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો અને સભ્યશ્રી અશોકભાઈ ભટ્ટની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

**૬. પ્રમુખોની પેનલ**

સભાગૃહમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરી દરમિયાન અધ્યક્ષની ફરજો બજાવવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨(૧) અન્વયે પ્રમુખોની પેનલ પર માનનીય અધ્યક્ષશ્રીએ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરી હતી.

૧. શ્રી દોલતરાય દેસાઈ
૨. શ્રી મહેન્દ્રભાઈ મશરૂ
૩. ડૉ. નીમાબેન આર્ચાય
૪. શ્રી શંકરભાઈ વાઘેલા
૫. શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ

**૭. રાજયપાલશ્રીનું સંબોધનઃ–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે રાજયપાલશ્રીએ શુક્રવાર, તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ બપોરના ૧૧–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી આત્મારામ પરમારે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું સભ્ય ડૉ. નીમાબેન આચાર્યએ સમર્થન કર્યું હતું. નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સભાગૃહમાં તા. ૨૬મી અને તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૮ ના રોજ એમ બે દિવસમાં કુલ ત્રણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં કુલ–૫૮ સભ્યોએ ભાગ લીધો હતો. આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની કુલ–૩૪ સૂચનાઓ મળી હતી. જેમાંથી ૧૮ સુધારાની સૂચનાઓ માનનીય

અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. તે પૈકી ૧૩ સભ્યશ્રીઓએ તેમના સુધારા રજૂ કર્યા હતા જયારે ૫ સુધારા સભ્યશ્રીઓની અનુપસ્થિતિના કારણે રજૂ થઈ શકયા ન હતા. ચર્ચાના અંતે સભાગૃહે આભાર પ્રસ્તાવ મૂળ સ્વરૂપે પસાર કર્યો હતો.

**૮. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો**

બારમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે તા.૨૫/૨/૦૮ થી તા.૨૬/૩/૦૮ સુધીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગત નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ–**૩** અને તારાંકિત પ્રશ્નોની કુલ–**૩૬૧૩** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **પત્રક ક્રમાંકઃ ૫, ૬, ૭ અને ૮**માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **પત્રક ક્રમાંક : ૯માં** આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ.**૨૧૧૧** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **૬૫** તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **૩૭** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોમાંથી અતારાંકિત થયેલ પ્રશ્નો પૈકી **૦૪** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે ગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા હતા.

**૯. પ્રશ્નોત્તરીને લગતી માહિતી**

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ **૨૦** યાદીઓ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીઓ પૈકી કુલ **૨૫૬** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૦ અન્વયે ટૂંકી મુદતના પ્રશ્નોની મળેલ **૦૩** સૂચનાઓમાંથી એકપણ સૂચના દાખલ કરવામાં આવી ન હતી.

**૧૦. અડધા કલાકની ચર્ચા માટેની સૂચના**

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અડધા કલાકની કુલ **૧** સૂચના મળી હતી જે દાખલ કરવામાં આવી ન હતી.

**૧૧. સરકારી વિધેયકો :–**

**(૧) દાખલ કરવા માટે મળેલાં સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન કુલ ૧૨ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. **(જુઓ પત્રક ક્રમાંક : ૧૦)**

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો**

અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્રમાં દાખલ થયેલ અને તા. ૩૦–૫–૨૦૦૭ના રોજ નામદાર રાજયપાલશ્રીએ પુનઃવિચારણા અર્થે પરત કરેલ બે વિધેયકો સહિત કુલ ૧૪ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યાં હતાં અને ચર્ચાને અંતે પસાર કરવામાં આવ્યાં હતાં. તથા અગિયારમી વિધાનસભાના દસમા સત્રમાં દાખલ કરેલ અને જેને રાજયપાલશ્રીએ પુનઃવિચારણા અર્થે તા. ૨૭–૭–૨૦૦૭ના રોજ પરત કરેલ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૦૬નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક પ્રભારી મંત્રીશ્રીએ તા.૧૦–૩–૨૦૦૮ના રોજ સભાગૃહની અનુમતિથી પાછું ખેચ્યું હતું. **(જુઓ પત્રક ક્રમાંક : ૧૧)**

**વિધેયકોનું વર્ગીકરણ :–**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ...........૬ |
| ૨. | નવા વિધેયકો | ...........૪ |
| ૩. | અન્ય વિધેયકો | ...........૪ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ..........૫ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ............૨ |
| ૩. | શિક્ષણને લગતા વિધેયકો | ..........૨ |
| ૪. | અન્ય વિધેયકો | ...........૫ |

**૧૨ . વટહુકમનું સ્થાન લેતું વિધેયક**

સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક–૨– સન ૨૦૦૭ના ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમનું સ્થાન લેતું સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૦૮નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક સભાગૃહે પસાર કર્યુ હતું.

**૧૩ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિશ્રી / રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા અને બારમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળેલા સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક–૮, ૩૦ અને ૩૧ તથા બારમી વિધાનસભાના ચાલુ સત્રમાં સભાગૃહે પસાર કરેલ સન ૨૦૦૭ના વિધેયક ક્રમાકં : ૧૫ અને ૧૬ અને સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક–૧, ૩ અને ૬ને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. **(જુઓ પત્રક ક્રમાંકઃ ૧૨)**

**૧૪. <u>નાણાકીય કામકાજ :</u>**

**(૧) અંદાજપત્ર**

**(ક) રજૂઆત :**

સન ૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૫,૦૨,૧૫,૭૨,૯૫,૦૦૦/– નું અંદાજપત્ર સોમવાર તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૩,૮૮,૨૯,૫૫,૮૭,૦૦૦/– અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૧,૧૩,૮૬,૧૭,૦૮,૦૦૦/– હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા. ૪, ૫ અને ૧૦ માર્ચ, ૨૦૦૮ના રોજ એમ કુલ ૩ દિવસો દરમિયાન સભાગૃહની ૪ બેઠકોમાં સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) <u>માગણીઓ પર ચર્ચા અને મતદાન :</u>**

અંદાજપત્રની માગણીઓ ઉપર તા.૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૪ અને ૨૫મી માર્ચ,૨૦૦૮ના રોજ એમ કુલ ૧૦ દિવસો દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૧૦૪ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી **૫૪** માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(જુઓ પત્રક ક્રમાંક : ૧૩)** ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જયારે બાકીની **૫૦** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ઘ) <u>કાપદરખાસ્તો :</u>**

અંદાજપત્રની માગણીઓ પર કુલ ૬૦૦ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી ૫૯૪ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૬ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૫૯૪ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૪૩૩ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૨૭૯ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી અને ૨૮ કાપદરખાસ્તો સભ્યશ્રીઓ ધ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી.

**(ચ) <u>ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :</u>**

ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૦૮ બુધવાર, તા.૨૬–૩–૨૦૦૮ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્અનુસાર કુલ **<u>૧૨</u>** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા. આ મુદ્દાઓ પરની ચર્ચા બાદ સભાગૃહે વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

(૨) **ખર્ચનું પૂરક પત્રક :**

(ક) **રજૂઆત :**

સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટેનું રૂા. ૨૮,૫૬,૦૯,૭૫,૦૦૦ ના ખર્ચનું પૂરક પત્રક સોમવાર તાઃ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૨૭,૩૫,૭૦,૩૯,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૧,૨૦,૩૯,૩૬,૦૦૦ હતી.

(ખ) **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૮૨ માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૫ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **( જુઓ પત્રક ક્રમાંક :૧૪)** પસંદ થયેલી આ માગણીઓ પર શુક્રવાર તાઃ ૨૯–૨–૨૦૦૮ તથા સોમવાર તા. ૩–૩–૨૦૦૮ એમ કુલ–૨ દિવસ ચર્ચા કરવામાં આવી હતી અને તે વિના વિરોધે પસાર કરવામાં આવી હતી. જયારે બાકી રહેલી ૬૭ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

(ગ) **કાપદરખાસ્તો :**

પૂરક માગણીઓ પર કુલ ૬૭ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. તેમાંથી ૫૭ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૧૦ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૫૭ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનામાં સભ્યશ્રીઓના નામ જોડાતાં કુલ ૫૬ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૪૦ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

(ઘ) **ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ૨૦૦૮ સોમવાર, તાઃ ૧૦–૩–૨૦૦૮ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું તદ્નુસાર કુલ ૧૦ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતાં. ચર્ચા બાદ વિનિયોગ વિધયેક સભાગૃહે પસાર કર્યું હતું.

૧૫. **સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ–૧૦૮)**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ અન્વયે " સાબરકાંઠાના આંતરસુબા વિસ્તારમાં આદિવાસીઓ પર ગોળીબાર" અને "પાટણની પી.ટી.સી. કોલેજની વિધાર્થિની ઉપર બળાત્કાર" બાબતે સભામોકૂફીના પ્રસ્તાવને લગતી બે સૂચનાઓ મળી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

૧૬. **ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ–**૧૮** સૂચનાઓ મળી હતી જે પૈકી **૧૩** સૂચના દાખલ કરવામાં આવી હતી અને **૫** સૂચના નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં પ્રભારી સભ્યશ્રીનું નામ જોડતાં કુલ–**૧૨** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરેલ સૂચનાઓ પૈકી િ વ.સ.સ. **શ્રી શૈલેષ પરમાર**ના **"નવા ઉદ્યોગો ધ્વારા સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવા "** અંગેના પ્રસ્તાવને તા.૨૬–૩–૦૮ના રોજ ચર્ચા માટે હાથ ધરવા કામકાજ સલાહકાર સમિતિએ એક કલાકનો સમય ફાળવ્યો હતો, તદ્નુસાર પ્રસ્તાવ ઉકત દિવસે ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યો હતો અને ચર્ચાને અંતે પ્રસ્તાવ મત પર મૂકવામાં આવતાં સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો હતો. દાખલ થયેલી બાકીની સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી. **(જુઓ પત્રક ક્રમાંક:૧૫)**

૧૭. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૨૩ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા.૧૭–૩–૦૮ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી **મોહંમદ ફારુક હુસેનમીયાં શેખે " રાજયમાં સુધારેલ જંત્રીનો અમલ કરવા અંગે "** ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉકત પ્રસ્તાવ પર તા.૨૬–૩–૦૮ના રોજ એટલે કે સત્રના છેલ્લા દિવસે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**૧૮. ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬)**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે **કુલઃ ૩૬** સૂચનાઓ મળી હતી. તેમાંથી **૭** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **૨૭** સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી, અને બે સૂચનાઓ મુદત બહારની હતી. દાખલ કરવામાં આવેલી **૭** સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડી એકત્રિત કરીને **૫** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ **પાંચેય** સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતાં. **(જુઓ પત્રક ક્રમાંકઃ ૧૬)**

**૧૯ નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર સત્ર દરમિયાન જુદા જુદા વિષયને લગતાં ત્રણ નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યાં હતાં.

**(૧) નિયમના આધાર વિના થયેલ નિવેદનો**

(૧) નામદાર રાજયપાલીશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન સભ્ય ડૉ.અનિલ જોષીયારાએ આદિજાતિ વિકાસ વિભાગની કામગીરી સંબંધમાં કરેલ ઉલ્લેખો સંબંધમાં આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરતું નિવેદન કર્યુ હતું અને

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે દવાઓની ખરીદી સંબંધે કરેલ ઉલ્લેખો સંબંધે સ્પષ્ટતા કરતું નિવેદન આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રીએ કર્યુ હતું. **(જુઓ પત્રક ક્રમાંકઃ ૧૭)**

**૨૦. બિન–સરકારી વિધેયકો :–**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો :–**

સત્ર દરમિયાન કુલ ૮ બિન–સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતા.

**(જુઓ પત્રક ક્રમાંક : ૧૮)**

**દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકોનું વર્ગીકરણઃ–**

(૧) ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો ......૦૦

(૨) નવા કાયદા બનાવતા વિધેયકો ..... ૦૮

**બિન–સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

(૧) અન્ય બાબતોને લગતા વિધેયકો ........૦૮

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો :–**

ચાલુ સત્રમાં દાખલ કરવામાં આવેલા કુલ –૮ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા જે પૈકી તા.૫–૩–૨૦૦૮ અને ૧૯–૩–૨૦૦૮ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા. ચર્ચાના અંતે એક બિન–સરકારી વિધેયક તેમના પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લીધું હતું **(જુઓ પત્રક ક્રમાંક–૧૯)** જયારે ચાર બિન–સરકારી વિધેયકો સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિના કારણે હાથ ધરી શકાયા ન હતા. ત્રણ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયા ન હતાં. આમ સત્રાંતે કુલ–૭ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી હતા. **(જુઓ પત્રક ક્રમાંક :૨૦)**

**૨૧. બિન સરકારી સંકલ્પો (નિયમ –૧૧૭)**

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૨૮–૨–૦૮, તા.૧૪–૩–૦૮ અને તા.૨૫–૩–૦૮ એમ કુલ ૩ દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૨૮–૨–૦૮ના **પ્રથમ વારા** માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૧૧૪** સૂચનાઓ મળી હતી. તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી. જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. **પ્રથમ સંકલ્પનો વિધાનસભા ગૃહ ધ્વારા સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બીજો સંકલ્પ સુધારા સહિત સ્વીકારવામાં આવ્યો હતો.**

તા.૧૪–૩–૦૮ના રોજના **બીજા વારા** માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૧૩૨** સૂચનાઓ મળી હતી તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા ક્રમાંકના સંકલ્પો ઉપર

સભાગૃહમાં ચર્ચા થઈ હતી. **ચર્ચાને અંતે બન્ને સંકલ્પો સભાગૃહના મત પર મૂકતાં તેમનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.**

તા.૨૫–૩–૦૮ના રોજના **ત્રીજા વારા** માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૧૨૭** સૂચનાઓ મળી હતી તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. તે ત્રણ પૈકી પ્રથમ અને બીજા ક્રમાંકના સંકલ્પો ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. **ચર્ચાના અંતે પ્રથમ સંકલ્પ સભાગૃહની અનુમતિથી સભ્યશ્રીએ પાછો ખેંચી લીધો હતો અને બીજા સંકલ્પનો વિધાનસભા ગૃહ ધ્વારા સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો. (જુઓ પત્રક ક્રમાંકઃ૨૧)**

**૨૨. ઔચિત્ય ભંગ**

ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરવાની એક સૂચના મળી હતી જે દાખલ કરવામાં આવી હતી અને સભ્યશ્રીને મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપવામાં આવી હતી.

**૨૩. વિશેષાધિકાર ભંગના પ્રશ્નો**

વિશેષાધિકાર ભંગના પ્રશ્નોની બે સૂચના મળી હતી. બંને સૂચના નામંજૂર કરવામાં આવી હતી.

**૨૪. સભાગૃહના અવમાનના કિસ્સા**

તા. ૨૫–૩–૨૦૦૮ ના રોજ સભાગૃહની પ્રથમ બેઠક દરમ્યાન કેન્દ્ર સરકારની ટીકા કરવા બદલ વિપક્ષે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. તેના પર વિપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજય કક્ષાના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પોતાનો મત વ્યકત કર્યો હતો. ઉર્જા મંત્રીશ્રી સૌરભ પટેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો જવાબ આપી રહયા હતા ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓએ અંતરાય ઉભો કર્યો હતો. માન. અધ્યક્ષશ્રીએ વારંવાર સૂચના આપવા છતાં અંતરાય ચાલુ રહેતાં માન. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી મોહંમદ ફારૂક શેખને નેઈમ કર્યા હતા. વૈધાનિક અને સંસદીય બાબતોના રાજય કક્ષાના મંત્રીશ્રી અમિતભાઈ શાહે સભ્યશ્રી મોહંમદ ફારૂક શેખને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો હતો જે મંજૂર થતાં સભ્યશ્રી મોહંમદ ફારૂક શેખને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

**૨૫. પોઈન્ટ ઓફ ઓર્ડર :**

સત્ર દરમિયાન કુલ ૨૧ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૭ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. ૧૨ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૨ પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવ્યા હતા. એટલે કે ૩૩.૩૩ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય, ૫૭.૧૪ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૯.૫૨ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવ્યા હતા.

**૨૬. યાદગાર બનાવ :**

**(૧) રાજયપાલશ્રીના સંબોધન બાદ લાંબો સમય ગૃહ મુલતવી રહેવાનો બનાવ :**

બારમી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ને શુક્રવારના રોજ મળ્યું હતું. જેની બીજી બેઠકમાં નામદાર રાજયપાલશ્રી દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું, અને દિવસની કામગીરીના અંતે માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી હતી. જે ૩૭ દિવસ બાદ તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ ફરી મળ્યું હતું.

આમ રાજયપાલશ્રીના સંબોધન બાદ લાંબા સમય સુધી મુલતવી રહેલા ગૃહમાં સીધુ અંદાજપત્ર રજૂ કરવાનો કદાચ પ્રથમ બનાવ ગુજરાત વિધાનસભામાં બનવા પામ્યો હતો.

**(૨) વિપક્ષની ગેરહાજરીમાં અંદાજપત્રની રજૂઆતનું પૂનરાવર્તન :**

તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ મળેલા ગૃહમાં નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સન.૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું કે તરત જ વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને સભા મોકૂફીની દરખાસ્તની રજૂઆત કરતાં અટકાવતાં તેની સામે અસંતોષ વ્યકત કરી સૂત્રોચ્ચાર કરતા સભાત્યાગ કરી ગયા હતા. ત્યારબાદ, નાણાંમંત્રીશ્રી વજુભાઈએ તેમનું અધુરું રહેલ અંદાજપત્ર પ્રવચન પુરું કર્યું હતું અને અંદાજપત્ર રજૂ કર્યું હતું.

**આમ વિરોધપક્ષની ગેરહાજરીમાં અંદાજપત્ર રજૂ કરવાનો બનાવ અગાઉ ૧૯૯૯–૨૦૦૦માં બન્યો હતો. જેમાં બે અપક્ષ સભ્યો સિવાયના તમામ વિરોધપક્ષના સભ્યો સભાત્યાગ કરી ગયા હતા. જેનું પુનવરાવર્તન ગૃહમાં થયું હતું.**

(૩) **પુન : વિચારણા માટે પરત કરેલ વિધેયક પાછું ખેંચવાનો બનાવ :**

માનનીય રાજયપાલશ્રી દ્વારા અગાઉની ૧૧મી ગુજરાત વિધાનસભામાં પસાર કરેલ સન–૨૦૦૬ના વિધેયક ક્રમાંક–૩૦ સન ૨૦૦૬નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક ઉપર પુન : વિચારણા કરવા માટે પરત મોકલવામાં આવતાં બારમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૧૦મી માર્ચ, ૨૦૦૮ના રોજ સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે આ વિધેયક પાછું ખેંચવા માટેની અનુમતિ માંગતો પ્રસ્તાવ ગૃહમાં રજૂ કર્યો હતો. જેનો સ્વીકાર થતાં તેમણે સભાગૃહની મંજૂરીથી આ વિધેયક પાછું ખેચ્યું હતું.

આમ નામદાર રાજયપાલશ્રીએ વિધેયકને પુન : વિચારણા માટે પરત મોકલ્યું હોય અને પ્રભારી સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પુન : વિચારણાના તબકકે વિધેયક પાછું ખેચ્યું હોય તેવો આ પ્રથમ બનાવ છે.

(૪) **રેકોર્ડ સમયની બેઠક :**

તા.૨૬મી માર્ચ, ૨૦૦૮ના દિવસની (સત્રની છેલ્લી) બેઠક સવારે ૮–૩૦ કલાકે શરૂ થઈ હતી અને સાંજે ૭–૩૮ કલાકે પૂરી થઈ હતી. આમ એક જ બેઠકમાં **૯ કલાકને ૩૮ મિનિટ કાર્યવાહી** (વિરામનો સમયબાદ) કરીને **ગુજરાત વિધાનસભાએ એક જ બેઠકમાં લાંબામાં લાબો સમય કામગીરી કરવાનો નવો રેકોર્ડ સર્જ્યો હતો.** અગાઉ તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના દિવસની (સત્રની છેલ્લી) બેઠકમાં ૯ કલાકને ૨૮ મિનિટ (વિરામ અને મુલતવી સમયબાદ) કાર્યવાહી કરી હતી.

## ૨૭. નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૫–૦૨–૨૦૦૮ના રોજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર–પંદર સભ્યોની ચૂંટણી કરવા માટેના કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## ૨૮. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ, ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ, ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ અને રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ / કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૧/૦૩/૨૦૦૮ના રોજ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ, ગુજરાત રાજય સહકારી કાઉન્સિલ, ગુજરાત રાજય પંચાયત કાઉન્સિલ અને રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ/કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી કરવા માટેના કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## ૨૯. સમિતિની બેઠકો:–

સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠક મળી હતી.

| સમિતિનું નામ | બેઠકોની તારીખ |
|---|---|
| (૧) કામકાજ સલાહકાર સમિતિ : | ૨૬–૨–૨૦૦૮ અને ૧૮–૩–૨૦૦૮ |

## ૩૦. સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો:–

સત્ર દરમિયાન નીચે જણાવેલ અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા/ ચર્ચાયા હતાં.

| સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| કામકાજ સલાહકાર સમિતિ : | પ્રથમ | ૨૬–૨–૨૦૦૮ | ૨૬–૨–૨૦૦૮ |
| | બીજો | ૧૮–૩–૨૦૦૮ | ૧૮–૩–૨૦૦૮ |

## ૩૧ વિધાનસભાના મેજની ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય)

| અ.નં. | વિગત | મેજ ઉપર મૂકાયા તારીખ |
|---|---|---|
| ૧ | રાજય સરકારે સન ૨૦૦૬–૨૦૦૭ ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક | ૨૫/૨/૨૦૦૮ |
| ૨ | રાજય સરકાર વ્દારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૦૬–૨૦૦૭ ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક. | ૨૫/૨/૨૦૦૮ |
| ૩ | બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૦૬ – ૨૦૦૭ ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ / વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક તથા વિલંબ અંગેનું નિવેદન. | ૨૫/૨/૨૦૦૮ |

| | | |
|---|---|---|
| ૪ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૫–૦૬ના વર્ષનો ઓડિટ અહેવાલ(મહેસુલી આવક) (અંગ્રેજી તથા ગુજરાતી) | **૨૬/૩/૦૮** |
| ૫ | ગુજરાત સરકારના સન ૨૦૦૬–૦૭ના વર્ષના નાણાકિય હિસાબો ( અંગ્રેજી તથા ગુજરાતી) | **૨૬/૩/૦૮** |
| ૬ | ગુજરાત સરકારના સન ૨૦૦૬–૦૭ના વર્ષના વિનિયોગ હિસાબો ( અંગ્રેજી તથા ગુજરાતી | **૨૬/૩/૦૮** |
| ૭ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૬–૦૭ના વર્ષનો ઓડિટ અહેવાલ(મુલ્કી) ( અંગ્રેજી તથા ગુજરાતી ) | **૨૬/૩/૦૮** |
| ૮ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૬–૦૭ના વર્ષનો ઓડિટ અહેવાલ(વાણિજિયક) (અંગ્રેજી તથા ગુજરાતી ) | **૨૬/૩/૦૮** |

**૩૨. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો :–**

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ–૫૬ અહેવાલો અને ૬૧ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **(જુઓ પત્રક ક્રમાંક :૨૨)**

**૩૩. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ**

સત્ર દરમિયાન વિધાનસભામાં પક્ષવારા સભ્ય સંખ્યાની તા. ૨૬/૦૩/૨૦૦૮ની સ્થિતિએ નીચે મુજબ છે.

| **અ.નં.** | **પક્ષનુ નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૧૭ |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૯ |
| ૩. | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૩ |
| ૪. | જનતાદળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫. | અપક્ષ | ૦૨ |
| | **કુલ** | **૧૮૨** |

**૩૪. ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–**

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક :૨૩** માં આપવામાં આવી છે.

**૩૫. રોજેરોજના કામકાજનો સારાંશ :–**

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંક–૨૪**માં આપવામાં આવ્યો છે.

**૩૬. વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો :–**

સત્ર દરમિયાન સભ્યોએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની માહિતી પત્રક ક્રમાંક –**૨૫** માં દર્શાવવામાં આવી છે.

**૩૭. શોક દર્શક ઉલ્લેખ :**

સત્ર દરમ્યાન કુલ ૧૩ મહાનુભાવોના અવસાન અંગે શોક દર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.

**( જુઓ પત્રક–૨૬)**

**૩૮. સભાત્યાગ :–**

**(૧) તા.૨૫–૨–૨૦૦૮**

તા.૨૫–૨–૨૦૦૮ના રોજ સભાગૃહની બીજી બેઠક દરમિયાન નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૮–૨૦૦૯ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા શરૂઆત કરી તે તબકકે, સભામોકૂફીના પ્રસ્તાવની પરવાનગીના મુદ્દે વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૨) તા.૧૨–૩–૨૦૦૮**

તા.૧૨–૩–૨૦૦૮ના રોજ સભાગૃહની પ્રથમ બેઠક દરમ્યાન ગૃહ વિભાગની માગણીઓ અને તે પરની કાપદરખાસ્તો મત માટે મૂકવામાં આવી રહી હતી તે તબકકે મંત્રીશ્રી ધ્વારા પાટણની ઘટનાની

સી.બી.આઈ. ઈન્કવાયરીના અસ્વીકાર બાબતના સંદર્ભમાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૩) તા.૧૩–૩–૨૦૦૮**

તા.૧૩–૩–૨૦૦૮ના રોજ શિક્ષણ વિભાગની માંગણીઓ પરની ચર્ચાના જવાબમાં મંત્રીશ્રી રમણલાલ વોરાએ કોંગ્રેસ પક્ષ બાબતે આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં તે શબ્દો પાછા ખેંચાયા બાદ તે તબક્કે વિરોધપક્ષના નેતા સહિત કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૪) તા.૨૪–૩–૨૦૦૮**

તા.૨૪–૩–૨૦૦૮ના રોજ ગુ.રા.ફાઈનાન્શિયલ સર્વિસીસ લિ.નો વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ પર મૂકાયા બાદ, સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર ધ્વારા વડોદરામાં બનેલ બનાવના સંદર્ભમાં રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો તે તબક્કે તેમની સાથે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ જોડાઈ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**(૫) તા.૨૪–૩–૨૦૦૮**

તા.૨૪–૩–૨૦૦૮ના રોજ પાણી પુરવઠાની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપવા પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ઉભા થયા તે તબક્કે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સૂજલામ સૂફલામ યોજના માટે સી.બી.આઈ.ને તપાસ સોંપવા બાબતના મુદ્દે સભ્યશ્રી પરેશભાઈ વસાવા વેલમાં આવી જઈને પોતાની જગ્યાએ પાછા ફર્યા અને ત્યાર બાદ સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ પણ વેલમાં આવી ગયા.

આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતપોતાના સ્થાને ઉભા થઈ, સૂજલામ સૂફલામ યોજના માટે સી.બી.આઈ. તપાસ સોંપવા બાબતમાં સતત સુત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૬) તા.૨૫–૩–૨૦૦૮**

તા.૨૫–૩–૨૦૦૮ના રોજ પ્રથમ બેઠક દરમ્યાન પ્રશ્નોત્તરી સમયે અગ્રતા ક્રમ–૧૦ પરના પ્રશ્નમાં સભ્યશ્રી રામસિંહ પરમારે તેમને પૂરક પ્રશ્ન પૂછતા રોકવાથી ધારાસભ્યશ્રીના હકક પર તરાપ પડે છે તેવું જણાવી પોંઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવેલ હતો. તે બાબતે માન.અધ્યક્ષશ્રીએ ધારાસભ્યના હકક પર તરાપ પડતી નથી, તેમ જણાવી સભ્યશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

આ તબક્કે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય પ્રત્યે નારાજગી વ્યકત કરી સભ્યશ્રી રામસિંહભાઈ પરમાર સભાત્યાગ કરી ગયા.

**૩૯. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :**

| | | |
|---|---|---|
| ૧. રાજયપાલ દીર્ધામાં જોવા આવેલ પ્રેક્ષકો | :– | ૦૯ |
| ૨. અધ્યક્ષ દીર્ધામાં જોવા આવેલ પ્રેક્ષકો | :– | ૭૧૧૮ |
| ૩. અતિથિ વિશેષ દીર્ધામાં જોવા આવેલ પ્રેક્ષકો | :– | ૨૨૫૫ |
| ૪. પ્રેક્ષક દીર્ધામાં જોવા આવેલ પ્રેક્ષકો | :– | ૮૦૭ |
| ૫. શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા મુલાકાતીઓ( ગ્રુપ પાસની સંખ્યા –૭૪ ) | :– | ૫૮૩૩ |
| ૬. એન્ટ્રી પાસ | :– | ૪૩૨૬ |
| **કુલ :–** | | **૨૦, ૩૪૮** |

**પત્રક ક્રમાંક – ૧**
**(જુઓ ફકરા ક્રમાંક : ૧)**
**સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી**

| **દિવસોની સંખ્યા : ૨૧** | | **કુલ સમય : ૧૧૧ કલાક અને ૪૧ મિનિટ** | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૦ | ૦૦ | ૧૭.૯૧ |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી | ૧૨ | ૨૮ | ૧૧.૧૬ |
| | (બ) બિન સરકારી | ૦૧ | ૦૮ | ૧.૦૧ |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૫૦ | ૩૫ | ૪૫.૨૯ |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા – મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી તેમજ બિન–સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦૧ | ૫૪ | ૧.૭૦ |
| ૫. | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૦૯ | ૫૫ | ૮.૮૮ |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૦૫ | ૧૫ | ૪.૭૦ |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | – |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦૦ | ૦૭ | ૦.૧૦ |
| ૯. | અન્ય બાબતો | ૧૦ | ૧૯ | ૯.૨૪ |
| **કુલ ..... ..... ......** | | **૧૧૧** | **૪૧** | **૧૦૦.૦૦** |

## પત્રક ક્રમાંક – ૨
## ( જુઓ ફકરા ક્રમાકં : ૨)
## સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| કામકાજના દિવસો : ૨૧ | | | સભાગૃહની બેઠકો : ૨૭ | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ | બેઠકનો ખરેખર સમય |
| | | | બેઠક શરૂ થવાનો સમય ક.–મિ. | બેઠક પૂરી થવાનો સમય ક.–મિ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | શુક્રવાર | ૧૮–૧–૦૮ | | | | |
| | | પહેલી બેઠક | ૧૦.૦૦ | ૧૦.૪૫ | –– | ૦.૪૫ |
| | | બીજી બેઠક | ૧૨.૨૩ | ૪.૫૧ | ૧.૦૦ | ૩.૨૮ |
| ૨. | સોમવાર | ૨૫–૨–૦૮ | ૧૨.૦૦ | ૩.૩૩ | – | ૩.૩૩ |
| ૩. | મંગળવાર | ૨૬–૨–૦૮ | ૧૨.૦૦ | ૫.૧૧ | ૦.૪૫ | ૪.૨૬ |
| ૪. | બુધવાર | ૨૭–૨–૦૮ | | | | |
| | | પહેલી બેઠક | ૮.૩૦ | ૧૨.૪૨ | ૦.૩૦ | ૩.૪૨ |
| | | બીજી બેઠક | ૩.૦૦ | ૭.૪૦ | ૦.૩૦ | ૪.૧૦ |
| ૫. | ગુરૂવાર | ૨૮–૨–૦૮ | ૧૨.૦૦ | ૭.૫૩ | ૦.૪૫ | ૭.૦૮ |
| ૬. | શુક્રવાર | ૨૯–૨–૦૮ | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | ૪.૦૦ |
| ૭. | સોમવાર | ૩–૩–૦૮ | ૧૨.૦૦ | ૪.૩૦ | ૦.૪૫ | ૩.૪૫ |
| ૮. | મંગળવાર | ૪–૩–૦૮ | | | | |
| | | પહેલી બેઠક | ૮.૩૦ | ૪.૩૪ | ૦.૩૦ | ૩.૩૪ |
| | | બીજી બેઠક | ૨.૩૦ | ૭.૦૦ | ૦.૩૦ | ૪.૦૦ |
| ૯. | બુધવાર | ૫–૩–૦૮ | ૮.૩૦ | ૧૨.૫૩ | ૦.૩૦ | ૩.૫૩ |
| ૧૦. | સોમવાર | ૧૦–૩–૦૮ | ૧૨.૦૦ | ૫.૧૪ | ૦.૪૫ | ૪.૨૯ |
| ૧૧. | મંગળવાર | ૧૧–૩–૦૮ | ૧૨.૦૦ | ૫.૧૪ | ૦.૪૪ | ૪.૩૦ |
| ૧૨. | બુધવાર | ૧૨–૩–૦૮ | | | | |
| | | પહેલી બેઠક | ૮.૦૦ | ૧.૦૩ | ૦.૩૦ | ૪.૦૩ |
| | | બીજી બેઠક | ૨.૩૦ | ૬.૫૯ | ૦.૩૦ | ૩.૫૯ |
| ૧૩. | ગુરૂવાર | ૧૩–૩–૦૮ | ૧૨.૦૦ | ૫.૧૧ | ૦.૪૫ | ૪.૨૬ |
| ૧૪. | શુક્રવાર | ૧૪–૩–૦૮ | ૧૨.૦૦ | ૫.૦૬ | ૦.૪૫ | ૪.૨૧ |
| ૧૫. | શનિવાર | ૧૫–૩–૦૮ | ૮.૩૦ | ૧.૦૨ | ૦.૩૦ | ૪.૦૨ |
| ૧૬ | સોમવાર | ૧૭–૩–૦૮ | ૧૨.૦૦ | ૫.૧૧ | ૦.૪૫ | ૪.૨૬ |
| ૧૭ | મંગળવાર | ૧૮–૩–૦૮ | | | | |
| | | પહેલી બેઠક | ૮.૩૦ | ૧૨.૪૬ | ૦.૩૦ | ૩.૪૬ |
| | | બીજી બેઠક | ૨.૩૦ | ૬.૫૯ | ૦.૩૦ | ૩.૫૯ |
| ૧૮. | બુધવાર | ૧૯–૩–૦૮ | ૮.૩૦ | ૧૨.૦૩ | ૦.૩૦ | ૩.૦૩ |
| ૧૯ | સોમવાર | ૨૪–૩–૦૮ | ૧૨.૦૦ | ૫.૫૧ | ૦.૪૫ | ૫.૦૬ |
| ૨૦ | મંગળવાર | ૨૫–૩–૦૮ | | | | |
| | | પહેલી બેઠક | ૮.૩૦ | ૧.૨૫ | ૦.૩૦ | ૪.૨૫ |
| | | બીજી બેઠક | ૩.૦૦ | ૪.૦૪ | –– | ૧.૦૪ |
| ૨૧ | બુધવાર | ૨૬–૩–૦૮ | ૮.૩૦ | ૭.૩૮ | ૧.૩૦ | ૯.૩૮ |

## પત્રક ક્રમાંક : ૩
## (જુઓ ફકરા ક્રમાંક : ૩ )
## સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી
## (માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી અને મુખ્યદંડકશ્રી સિવાય)

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેરહાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | ૨૪ | ૩ | ૨૭ | |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી | ૨૪ | ૩ | ૨૭ | |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | - | - | - | |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૨૩ | ૪ | ૨૭ | |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૨૪ | ૩ | ૨૭ | |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૨૧ | ૬ | ૨૭ | |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૭ | - | ૨૭ | |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૦ | શ્રી પોપટભાઈ સવસીભાઈ જીંજરીયા | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૬ | ૨૧ | ૨૭ | |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨૭ | - | ૨૭ | |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૨૭ | - | ૨૭ | |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૬ | શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળિયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | - | - | – | |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨૭ | - | ૨૭ | |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૧૫ | ૧૨ | ૨૭ | |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૨૭ | - | ૨૭ | |
| ૨૨ | શ્રી વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડીયા | ૧ | ૨૬ | ૨૭ | |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૧૮ | ૯ | ૨૭ | |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૨૭ | - | ૨૭ | |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ (દંડકશ્રી) | - | - | – | |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૨૭ | - | ૨૭ | |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૧૦ | ૧૭ | ૨૭ | |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૧૭ | ૧૦ | ૨૭ | |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૨૭ | - | ૨૭ | |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૨૫ | ૨ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૨૭ | - | ૨૭ | |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી | ૨૭ | - | ૨૭ | |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૨૭ | - | ૨૭ | |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા (ભાભા) | ૨૭ | - | ૨૭ | |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | - | - | – | |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૪૭ | શ્રી દીનુભાઈ બોઘાભાઈ સોલંકી | ૧ | ૨૬ | ૨૭ | |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૨૨ | ૫ | ૨૭ | |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | - | - | – | |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૨૫ | ૨ | ૨૭ | |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૨૪ | ૩ | ૨૭ | |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨૨ | ૫ | ૨૭ | |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૨૭ | - | ૨૭ | |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૨૪ | ૩ | ૨૭ | |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨૭ | - | ૨૭ | |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | - | - | – | |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૨૭ | - | ૨૭ | |
| ૫૮ | શ્રી શક્તિસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ (માન. વરોધપક્ષના નેતાશ્રી) | - | - | – | |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૧૮ | ૯ | ૨૭ | |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૨૭ | - | ૨૭ | |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૬૪ | શ્રી અમિત શાહ (મંત્રીશ્રી) | - | – | - | |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૬૬ | શ્રી જગદીશભાઈ મોતીજી ઠાકોર | ૨૫ | ૨ | ૨૭ | |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૬૮ | શ્રી રાકેશ શાહ | ૨૭ | - | ૨૭ | |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયા શેખ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૨૭ | - | ૨૭ | |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૨૭ | - | ૨૭ | |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ (માન. અધ્યક્ષશ્રી) | - | - | - | |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૧૨ | ૧૫ | ૨૭ | |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (માન.મુખ્યમંત્રીશ્રી) | - | - | - | |
| ૭૮ | ડૉ. માયા સુરેન્દ્રકુમાર કોડનાની (મંત્રીશ્રી) | - | - | - | |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૪ | ૩ | ૨૭ | |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | - | – | - | |
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૨૫ | ૨ | ૨૭ | |
| ૮૩ | શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ, | ૨૭ | - | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૪ | પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | - | - | - | |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૨૬ | ૧ | ૨૭ | |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | - | - | - | |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૪ | ૩ | ૨૭ | |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | - | - | - | |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૨૨ | ૫ | ૨૭ | |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | ૨૭ | - | ૨૭ | |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૦૨ | શ્રી મુકેશકુમાર ભૈરવદાનજી ગઢવી | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૦૫ | ર્ડા.અનિલ જોષીયારા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ(મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૨૭ | - | ૨૭ | |
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૨૭ | - | ૨૭ | |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર | ૨૭ | - | ૨૭ | |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ આહિર(ભરવાડ) | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર(મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૨૭ | - | ૨૭ | |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૨૮ | શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલા | ૨૬ | ૧ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ, | ૨૭ | - | ૨૭ | |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૨૭ | - | ૨૭ | |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ (ગોટીયો) | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૩૩ | શ્રીમતી જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૩૪ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ (બોસ્કી) | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૩૫ | શ્રી નિરંજન પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત | ૨૭ | - | ૨૭ | |
| ૧૩૭ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૩૮ | શ્રી અમિતકુમાર અજિતકુમાર ચાવડા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુકલ | ૨૭ | - | ૨૭ | |
| ૧૪૧ | શ્રી ગુલસિંગભાઈ રંગલાભાઈ રાઠવા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૪૨ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૨૭ | - | ૨૭ | |
| ૧૪૩ | શ્રી ધીરુભાઈ ચુનીલાલ ભીલ | ૨૭ | - | -૨૭ | |
| ૧૪૪ | શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી | ૨૭ | - | ૨૭ | |
| ૧૪૫ | શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ પટેલ | ૧૪ | ૧૩ | ૨૭ | |
| ૧૪૬ | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ લાખાવાળા | ૨૭ | - | ૨૭ | |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર સુખડીયા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૪૯ | શ્રી યોગેશ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૧૭ | ૧૦ | ૨૭ | |
| ૧૫૧ | શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ | ૨૭ | - | ૨૭ | |
| ૧૫૨ | શ્રી દિનેશભાઈ બી.પટેલ (દીનુ મામા) | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૫૩ | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૫૪ | શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૫ | શ્રી ઈકબાલ પટેલ | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૧૫૬ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૮ | શ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવા | ૪ | ૨૩ | ૨૭ | |
| ૧૫૯ | શ્રી અમરસિંહ રામસિંહ વસાવા | ૨૭ | - | ૨૭ | |
| ૧૬૦ | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૬૧ | શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૬૨ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૬૩ | શ્રી પ્રભુભાઈ નાગરભાઈ વસાવા | ૨૭ | - | ૨૭ | |
| ૧૬૪ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૬૫ | શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહીયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૬૬ | શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ | ૨૭ | - | ૨૭ | |
| ૧૬૭ | શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ રાઠોડ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૬૮ | શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ | |
| ૧૬૯ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૭૦ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગિલીટવાલા | ૨૭ | - | ૨૭ | |
| ૧૭૧ | શ્રી કિશોર વાંકાવાલા | ૨૦ | ૭ | ૨૭ | |
| ૧૭૨ | શ્રી નરોત્તમભાઈ પટેલ(મંત્રીશ્રી) | - | - | – | |
| ૧૭૩ | શ્રી આર.સી. પટેલ | ૨૦ | ૭ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭૪ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ(મંત્રીશ્રી) | - | - | – | |
| ૧૭૫ | શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૭૬ | શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૭૭ | શ્રી વિજયભાઈ રમેશભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૭૮ | શ્રી દોલતરાય નાથુભાઈ દેસાઈ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૭૯ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૮૦ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૮૧ | શ્રીમતી ઉષાબેન ગીરીશકુમાર પટેલ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૨૩ | ૪ | ૨૭ | |
| | કુલ | ૩૭૯૪ | ૫૨૬ | ૪૩૨૦ | |

## પત્રક ક્રમાંક : ૪
## (જુઓ ફકરા ક્રમાંક :– ૩ )
## સભ્યશ્રીઓની તારીખવાર હાજરી
## (માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી અને મુખ્યદંડકશ્રી સિવાય)

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૮/૧/૨૦૦૮ | ૧૪૦ | ૨૦ | ૧૬૦ |
| ૨ | ૧૮/૧/૨૦૦૮ | ૧૨૬ | ૩૪ | ૧૬૦ |
| ૩ | ૨૫/૨/૨૦૦૮ | ૧૫૦ | ૧૦ | ૧૬૦ |
| ૪ | ૨૬/૨/૨૦૦૮ | ૧૪૭ | ૧૩ | ૧૬૦ |
| ૫ | ૨૭/૨/૨૦૦૮ | ૧૪૫ | ૧૫ | ૧૬૦ |
| ૬ | ૨૭/૨/૨૦૦૮ | ૧૩૬ | ૨૪ | ૧૬૦ |
| ૭ | ૨૮/૨/૨૦૦૮ | ૧૪૧ | ૧૯ | ૧૬૦ |
| ૮ | ૨૯/૨/૨૦૦૮ | ૧૩૭ | ૨૩ | ૧૬૦ |
| ૯ | ૩/૩/૨૦૦૮ | ૧૪૦ | ૨૦ | ૧૬૦ |
| ૧૦ | ૪/૩/૨૦૦૮ | ૧૪૭ | ૧૩ | ૧૬૦ |
| ૧૧ | ૪/૩/૨૦૦૮ | ૧૪૦ | ૨૦ | ૧૬૦ |
| ૧૨ | ૫/૩/૨૦૦૮ | ૧૩૭ | ૨૩ | ૧૬૦ |
| ૧૩ | ૧૦/૩/૨૦૦૮ | ૧૩૫ | ૨૫ | ૧૬૦ |
| ૧૪ | ૧૧/૩/૨૦૦૮ | ૧૪૫ | ૧૫ | ૧૬૦ |
| ૧૫ | ૧૨/૩/૨૦૦૮ | ૧૪૬ | ૧૪ | ૧૬૦ |
| ૧૬ | ૧૨/૩/૨૦૦૮ | ૧૩૭ | ૨૩ | ૧૬૦ |
| ૧૭ | ૧૩/૩/૨૦૦૮ | ૧૪૩ | ૧૭ | ૧૬૦ |
| ૧૮ | ૧૪/૩/૨૦૦૮ | ૧૪૬ | ૧૪ | ૧૬૦ |
| ૧૯ | ૧૫/૩/૨૦૦૮ | ૧૩૧ | ૨૯ | ૧૬૦ |
| ૨૦ | ૧૭/૩/૨૦૦૮ | ૧૪૩ | ૧૭ | ૧૬૦ |
| ૨૧ | ૧૮/૩/૨૦૦૮ | ૧૪૦ | ૨૦ | ૧૬૦ |
| ૨૨ | ૧૮/૩/૨૦૦૮ | ૧૩૨ | ૨૮ | ૧૬૦ |
| ૨૩ | ૧૯/૩/૨૦૦૮ | ૧૪૦ | ૨૦ | ૧૬૦ |
| ૨૪ | ૨૪/૩/૨૦૦૮ | ૧૪૪ | ૧૬ | ૧૬૦ |
| ૨૫ | ૨૫/૩/૨૦૦૮ | ૧૪૮ | ૧૨ | ૧૬૦ |
| ૨૬ | ૨૫/૩/૨૦૦૮ | ૧૨૯ | ૩૧ | ૧૬૦ |
| ૨૭ | ૨૬/૩/૨૦૦૮ | ૧૪૯ | ૧૧ | ૧૬૦ |
| | | ૩૭૯૪ | ૫૨૬ | ૪૩૨૦ |

# પત્રક ક્રમાંક –૫
## (જુઓ ફકરા ક્રમાંકઃ– ૮ )
## ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિત માંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચીલીધા/ મુદત બહારની સૂચના | અગાઉના સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્નો | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત થતાં રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહીં | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી /સંસદ સભ્યશ્રી બનતાં/અવસાન થતાં પ્રશ્નો રદ થયા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન મળવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો. | મંત્રીશ્રી ની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | ૩ | – | ૩ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| તારાંકિત પ્રશ્નો | ૩૬૧૩ | ૨૧૧૧ | ૧૩૮૭ | – | – | ૬૫ | ૬+૭= ૧૩ | – | ૨૫૬ | – | – | – | ૧૭૩૯ | – | – | – | ૩૭ |
| અતારાંકિત પ્રશ્નો | – | – | – | – | – | ૬૫ | – | – | – | – | – | – | – | ૪ | – | ૬૧ | – |

## પત્રક ક્રમાંક :–૬
## (જુઓ ફકરા ક્રમાંક :–૮ )

## ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

